ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", એનેક્ષી, ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૨૩/૦૯/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

( ડે.સેક્રેટરી )

---

# ચેમ્બરમાં મહિલા ઉદ્યોગકારો માટેની વિવિધ સરકારી યોજનાઓ અંગે સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની લેડિઝ વિંગ ધ્વારા મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતા જાગૃત કરવાના હેતુસર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને આર્થિકરીતે મદદરૂપ બને એવી સરકારશ્રી તરફથી જાહેર થતી વિવિધ યોજનાઓની જાણકારી જિલ્લાઉદ્યોગ કેન્દ્રના અધિકારીશ્રીઓ ધ્વારા આપવામાં આવી હતી. 'એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન વિમેન' વિશેના આ સેમિનારમાં મુખ્ય વકતા તરીકે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જોઈન્ટ કમિ.શ્રી ધવલ પરીખ તથા એસવીએનઆઈટીના પ્રોફેસરશ્રી ડી.વી.ભટટ અને ધી સુરત પીપલ્સ કો.ઓપ.બેંકના આસિ.જનરલ મેનેજરશ્રી હરિશ મિસ્ત્રીએ જરૂરી જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુરતના પ્રથમ મહિલા સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ ખાસ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે લેડિઝ વિંગના ચેરપર્સન શ્રીમતી અંજલી શાહે આમંત્રિતોનું સ્વાગત કરતા કહયું હતું કે,વર્ષોથી મહિલાએ કુટુંબ અને સમાજના ઉત્કર્ષમાં મહત્વની ભુમિકા ભજવી છે.દેશની આઝાદીની લડત હોય કે વિશ્વસુંદરી બનવાની સ્પર્ધા હોય.અંતરિક્ષમાં ઉડાન હોય કે પર્વતારોહણ,ઘરનું સંચાલન હોય કે દેશનો કારોબાર સંભાળવાનો હોય આજે મહિલા દરેક ક્ષેત્રમાં આગળ આવી રહી છે.

આજે જયારે મહિલા વેપાર અને ઉદ્યોગના ક્ષેત્રમાં પણ પુરૂષોની સાથે રહેવા સજજ છે ત્યારે મહિલાઓ માટે આર્થિક સ્વનિર્ભરતા પણ જરૂરી બની જાય છે. આજના સમયમાં દરેક વર્ગની મહિલાએ આર્થિક રીતે પગભર થવું જોઈએ.મહિલા ઉદ્યોગ સાહસિકોને સ્વરોજગારીની યોજનાઓની જાણકારી મળી રહે એવા આશય સાથે આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે, જે ઉપયોગી નીવડશે.

પ્રથમ વકતા એસવીએનઆઈટીના પ્રો.ડો.ડી.વી.ભટટે પ્રેઝન્ટેશન સાથે મહિલાઓ માટે ઉપયોગી નીવડે એવા ઉદ્યોગોની જાણકારી આપી હતી. તેમણે કહયું હતું કે પહેલા મહિલાઓ માટે ત્રણ જ વિકલ્પો હતાં કિચન એટલે કે રસોઈ, નીટીગ એટલે કે ભરત ગુંથણ અને બાળકોનો ઉછેર પરંતું હવે એવું રહયું નથી. હવે મહિલાઓ પણ દરેક ક્ષેત્રમાં અને દરેક પ્રકારના ઉદ્યોગોમાં ઝંપલાવી શકે છે.

સેમિનારના  મુખ્ય વકતા અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જોઈન્ટ કમિશ્નરશ્રી ધવલ પરિખે રાજય સરકાર ધ્વારા જાહેર કરાયેલી મહિલા ઉદ્યોગકારો માટેની વિવિધ યોજનાઓની જાણકારી આપી હતી અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા એને માટે મળનારા સહકારની ખાત્રી આપી હતી. મહિલા ઉદ્યોગ સાહસિકો માટે આર્થિક સહાય અને સબસિડીઓની જાણકારી પણ તેમણે આપી હતી.

સુરત પીપલ્સ બેંકના આસિ.જનરલ મેનેજરશ્રી હરિશ મિસ્ત્રીએ સરકારની યોજનાઓ માટે બેંકની ઉપયોગિતા અને લોન અને સબસિડી મેળવવામાં બેંકની ભુમિકા સમજાવી હતી અને તેમની બેંક મહિલા ઉદ્યોગ સાહસિકોને કઈ રીતે ઉપયોગી થઈ શકે એનો ખ્યાલ આપ્યો હતો. તેમણે મહિલા ઉદ્યોગકારોને સહકાર આપવાની ખાતરી આપી હતી.

કાર્યક્રમના મુખ્ય મહેમાન અને સુરતના પ્રથમ મહિલા સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે પોતાના વકતવ્યમાં મહિલા શકિતના મહત્વને સમજાવતા કહયું હતું કે,મહિલાઓમાં સાહસિકતાને પ્રોત્સાહન આપવાનો લેડિઝ વિંગનો પ્રયાસ અભિનંદનને પાત્ર છે.સરકારની યોજનાઓનો સૌથી વધુ લાભ મહિલા ઉદ્યોગ સાહસિકો સુધી પહોંચે એ જરૂરી છે.એકવીસમી સદીની વાત કરીએ છીએ ત્યારે એ સદીની મહિલાઓ આપણે જ છીએ અને આપણે આગળ આવી આર્થિકરીતે પગભર થવાની જરૂર છે.

લેડિઝ વિંગના કો.ચેરપર્સન શ્રીમતી રેશ્મા માંડલેવાળાએ આભારવિધિ આટોપી હતી.